**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૮/૫/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૦૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૬૧ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૮૧ બીયર બોટલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬૬૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૦૫/૧૫**

**માધવપુરા :** માધવપુરા વિસ્તારમાં રહેતી ૨૪ વર્ષની યુવતીએ તા.૧૭/૫/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે પોણા બે વર્ષ અગાઉથી આજદીન સુધી આરોપી સુનીલ કિશોરભાઇ પરમાર (રહે.લક્ષ્મીચંદઘાંચીની ચાલી, દરીયાપુર દરવાજા બહાર) એ પોતે અપરણીત હોવાનું કહી, યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી યુવતીની મરજી વિરૂધ્ધ, શરીર સબંધ બાંધી, યુવતીના છ મહીનાના ગર્ભનો ગર્ભપાત કરાવડાવી, યુવતી સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી. ખીલેરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૬/૧૫**

**શાહીબાગ :** કલ્પેશકુમર દ્વારકાદાસ પટેલ (રહે,પેરેડાઇઝ પાર્ક, સિધ્ધાર્થ હોટલની બાજુમાં, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૫/૧૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૮/૫૧૫ સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન, પોતાના મકાનનાં દરવાજાના નકુચો અને તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૪૮,૭૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એમ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સાબરમતી :** દિલીપભાઇ શંકરભાઇ પટેલ (રહે, કૃષ્ણમ સ્ટેટસ, ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૫/૧૫ રાતના ૦૦/૩૦ થી સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન, પોતાના મકાનનાં દરવાજાના નકુચા તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૯૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**ગાયકવાડ હવેલી :** જહંગીરખાન પીરખાન પઠાણ (રહે,વૈશ્ય સભા, રાહેખૈર સ્કુલની બાજુમાં, જમાલપુર) એ તા.૧૮/૫/૧૫ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૫ ના કલાક ૧૦/૦૦ થી તા.૧૭/૫/૧૫ રાતનાં ૯/૪૫ વાગ્યા દરમ્યાન, પોતાના મકાનનાં દરવાજાના નીચેના ભાગને તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૮૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૦૭/૧૫**

**સરદારનગર :** રાજેશભાઇ નાથાલાલ પરમાર (રહે, સમરથનગર જીવનદીપ હોસ્પીટલ, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૫/૧૫ સવારના ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન, બે સરદારજીઓ (૪૫ થી ૫૫ વર્ષના આશરાના) પોતાના મકાનમાં તીજોરીનું તાળુ રીપેર કરવા આવેલ, જે સરદારજીઓએ રાજેશભાઇની નજર ચુકવી, તીજોરીનાં ચોર ખાનામાંથી સોનાનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૦૮/૧૫**

**આનંદનગર :** પન્નાબહેના ગીરીશલાલા ઠક્કર (રહે :આતેશ સોસાયટી, વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ પાસે, વેજલપુર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના પુત્ર જય ગીરીશભાઇ ઠક્કર (ઉ.વ.૨૨) આનંદનગર ૧૦૦ ફુટ રોડ, શાગ્રીલા આર્કેડ સામેથી પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યો હતો દરમ્યાન અજાણ્યા ફોરા વ્હીલ ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી, જય નાં મોટર સાયકલને ટક્કર મારતાં, જય ને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૦૦૯/૧૫**

**એલીસબ્રીજ :** હિતેશભાઇ છોગાજી પ્રજાપતિ (ઉ.વ.૨૧)(રહે.કૃષ્ણકુંજ સોસાયટી, ચંડોળા તળાવ, ઇસનપુર) એ તા.૧૭/૫/૧૫ સવારનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે કોઇ અગમ્ય કારણસર એલીસબ્રીજ, ભીખાભાઇ ગાર્ડન પાસે, સાબરમતી નદીમાં ડુબી જઇ, આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)